# (D - 92) મારા ગુરુજી જન્મ્યાં

મારા ગુરુજી જન્મ્યાં આજ, શ્રુત ઉછળી રહ્યાં,
સીમંધરના સંદેશ, જગમાં ફેલાવી દીધાં.

"આ હું નહીં, આ હું નહીં,"
ખટક એને ઉરે રહી,
એણે આદર્યો ઊગ્ર પુરુષાર્થ,
સ્વાનુભૂતિ ઝલકી રહી! મારા ગુરુજી૦

અશુભ ને શુભથી દૂર,
શ્રી ગુરુ વધતા ગયા,
શુદ્ધાતમની નવી વાત,
અલૌકિક આપી ગયા! મારા ગુરુજી૦

ઊંધી શ્રદ્ધાથી જગના જીવ,
હતાં સૌ ભટકી રહ્યાં,
એણે કરુણા કીધી અપાર,
સત્‌માર્ગ ચીંધી દીધા! મારા ગુરુજી૦

એના ગોરા મુખ પર તેજ,
દિવ્ય કેવાં સોહી રહ્યાં!
કર્યો આખા જગમાં પ્રકાશ,
અંધારા દૂર કીધાં! મારા ગુરુજી૦

એના ઉપકારો છે અનંત,
હું કેમ કથી શકું?
હું તો લળી લળી લાગું પાય,
બસ, એનું શરણ ગ્રહું! મારા ગુરુજી૦